INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૨૫-૭-૨૦૨૪**

રાજ્યમાં ભારે વરસાદના કારણે સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં પૂરતી પરિસ્થિતિ સર્જાઇ છે. કુદરતી આપત્તીમાં નાગરિકોને મદદકર્તા બનવા અને સ્થાનિક પરિસ્થિતિનો તાગ મેળવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે વરિષ્ઠ આગેવાનોનું પ્રતિનિધિ મંડળ મોકલવાનો નિર્ણય કર્યો છે. જે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર ખાતે અતિ ભારે વરસાદને ધ્યાને લઈ તા. ૨૫ જુલાઈના રોજ કોંગ્રેસ પક્ષના ઉપપ્રમુખશ્રી ભીખુભાઈ વારોતરીયા, કિસાન કોંગ્રેસના ચેરમેનશ્રી પાલભાઈ આંબલીયા અને પૂર્વ ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ મુછડીયા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે.

પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારમાં અતિ ભારે વરસાદને ધ્યાને લઈ તા. ૨૬ જુલાઈના રોજ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા ડૉ. ચદ્રિકાબેન ચુડાસમા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી હિરાભાઈ જોટવા, મહામંત્રીશ્રી જશવંતસિંહ ભટ્ટી અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે.

જુનાગઢ જિલ્લામાં તા. ૨૬ જુલાઈના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી શેહનાજ બાબી અને પૂર્વ ધારાસભ્યશ્રી ભીખાભાઈ જોષી કારવા ચોક વિસ્તારની મુલાકાત લેશે.

રાજ્યમાં અતિ ભારે વરસાદમાં અસરગ્રસ્તોને સ્થાનિક કક્ષાએ શક્ય મદદ કરવા કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે અપીલ કરી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા